ANSH JOURNAL OF HISTORY ISSN : 2582-046X
© AJH 2020 | Vol. 02, Issue 01, Jan. – June 2020
ANSH – Journal of History
ISSN (Online) No. 2582 -046X
Peer-Reviewed, Refereed & Open-Access International Journal of History

# ડીસાના ઐતિહાસિક હિન્દુ સ્થાપત્યો

**Sejalben R. Patel**
Ph.D. Scholar (Department of History),
Hemchandracharya North Gujarat University, Patan
Email ID: sejal1989.srp@gmail.com

***સારાંશ:***

*આદિસનાતન દેવી દેવતા ધર્મ, અતિ પ્રાચીન ધર્મ છે. સમય જતાં તેના નામમાં પરિવર્તન થઈ હિન્દુ ધર્મના લોકો સિન્ધુ નદિના કિનારે વસવાટ કરતાં હોવાથી પોતાની હિન્દુ તરીકે ઓળખવા લાગ્યા. ઇતિહાસ જોતા સૌથી પ્રાચીન સંસ્કૃતિમાં હિન્દુ ધર્મનું નામ પણ  અગ્રિમ છે. શરૂઆતમાં હિન્દુઓ એટલે કે પ્રાચીન આર્યો સૂર્ય, અગ્નિ, વાયુ , ઇન્દ્ર અને શીવમાં માનનારા હતા. સમયાંતરે આ દેવી દેવતાઓના વિવિધ પધ્ધતિના મંદિરો બંધાવા લાગ્યા. આ મંદિરોની બાંધણીમાં સંસ્કૃતિના વિકાસ અનુસાર ફેરફારો થયા.*

*સનાતન હિન્દુ ધર્મની અંદર પૂજાવિધિ, આરતી , ધૂપ, કર્મકાંડ , મંત્રો વગેરે પણ સામેલ થયા અને આ બધી વિધિના કેન્દ્ર સ્થાને મંદિરો રહ્યા. આથી વિવિધ પ્રકારની શૈલીના મંદિરોની રચના થઈ. તે સમયે મઠોની પણ રચના થઈ. લોકોની સુખાકારીનો વિચાર કરી તે સમયે  અનેક વાવ, કુવા ખોદાયા અને તેના વડે લોકોને પાણી પૂરું પાડવામાં આવતું. આ સ્થાપત્યો બંધાવ્યા, આ સ્થાપત્યો પરથી તે સમયના લોકોના રીતરિવાજ, ભાષા, રહેણીકરણી, સુખસમૃદ્ધિ, તેમના કળાના દર્શન થાય છે. આ બધા સ્થાપત્યો  ઇતિહાસ જાણવાના ઉત્તમ સ્રોત સમાન છે.*

***મુખ્ય શબ્દો :***

*હિંદુ સ્થાપત્ય, ડીસા પ્રદેશ, પુરાતત્વીય અવશેષો, સાંસ્કૃતિક વારસો,  શૈવ-શક્ત પરંપરા*

**સપ્તમાતૃકાઓનું મંદિર**

વડાવળ ડીસા તાલુકાના બનાસકાંઠાના જમણાં કિનારા પર આવેલું પ્રાચીન ગામ છે. આ ગામમાં સપ્તમાતૃકાઓનું મંદિર ભગ્ન અવસ્થામાં છે. આ મંદિરમાંથી,સપ્તમાતૃકાના  પટ મળી આવ્યા છે. જે ઇ.સ. ૮૦૦ની આસપાસની હોવાનું મનાય છે. ચાવડા શાસકોએ ઇ.સ.૯૪૨ સુધી રાજ્ય કર્યું હતું તે સમયની છે.

અત્યારે આ મંદિર એક ખખડી ગયેલ જીર્ણ દિવાલોવાળા અને ઉપર લોખંડના પતરાં જડેલા માતાના મંદિરમાંથી પ્રાચીન મૂર્તિઓ મળી આવી છે. આ મંદિર એક ટેકરા ઉપર આવેલું છે. તેની બાજુમાં અનેક સમાધિઓ આવેલી છે. આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયાના વેસ્ટર્ન સર્કલ તરફથી થયેલી સ્થળ તપાસ દરમિયાન આ મૂર્તિઓ હાથ લાગેલી મૂર્તિઓમાં સાત માતૃકાઓ ઉપરાંત ગણેશ, શિવ, પાર્વતી, ભૈરવજીની  મૂર્તિઓ પણ છે. ખંડિત મૂર્તિઓ હોવા છતાં સારી સ્થિતિમાં જળવાઈ રહેલ છે.  તેની શિલ્પકળા ભારતીય શિલ્પકળાના શ્રેષ્ઠ નમુનાઓમાં ગણાવી શકાય  એવી સુંદર છે. તેમના કેશ, ગૂંથણ, આભૂષણો, વસ્ત્ર પરિધાન, મુખભાવ વગેરે જોતાં એક જ કલા શૈલીની અને એક જ સમયમાં સર્જાયેલી લાગે છે. કલાની  દ્રષ્ટિએ તો એ સુંદર છે જ પણ મૂર્તિશાસ્ત્રની દ્રષ્ટિએ પણ તે ગણી અગત્યની માહિતી પૂરી પાડે છે. તેમાં સાત મૂર્તિઓમાં દેવીઓને ઉભી દર્શાવી છે. તેમાંથી ત્રણ સિવાયની બાકીની ચાર માતૃકાઓને બહુ વાત્સલ્યથી બાળકને રમાડતી દર્શાવી છે.

વડાવળનીઆ  શિલ્પકળા જોતા સાતમી સદીના ઉત્તરાર્ધની કહી શકાય. આ અગિયાર શિલ્પોમાંના નવ હાલ વડોદરા મ્યુઝીયોલોજી સંગ્રલાયમાં રાખ્યા છે. બાકીના ચાર વડાવળના મંદિરમાં છે. જેમાંની વૈષ્ણવી અને ગણપતિની મૂર્તિઓ ત્યાં દિવાલમાંજ  જડી દીધેલ છે. એક કાળે વડાવળ શક્તિપૂજાનું  કેન્દ્ર હતું.  અને મળી આવેલી મૂર્તિઓ ત્યાંનાજ કોઈ મંદિરની હશે. પ્રાચીનકાળમાં વડાવળે વ્યાપારની સાથે ધાર્મિક તેમજ સાંસ્કૃતિક  ક્ષેત્રે  સારો  વિકાસ સાધ્યો હોય અને અહીં પણ કલાની સારી ખીલવણી થઈ હોય એ સંભવિત છે.

વડાવળના આ શિલ્પોમાં મણકાઓની ગૂંથણી વાળા આભૂષણો અને એવી જ બધી મૂર્તિના મસ્તકની પાછળની પ્રભાવલી તથા બારીક કપડાનું પરિધાન વગેરેનું એકમ એ ગુપ્ત સમયની

શિલ્પકળાની લાક્ષણિકતા છે. આ માતૃકાઓના અત્યંત સપ્રમાણ દેહ, તેમના મુખ ઉપરના અલૌકિક ભાવો , વીણાધર શિવનું પૌરુષમય શરીર વગેરે ખૂબ જ નોંધપાત્ર છે. આ શિલ્પોમાં સ્તન પ્રદેશ ઉપર થઈને નાભિ સુધી પહોંચતી લાંબી ઉરમાળા, કટિબંધ માંથી નીકળતું ઉરદાન અને વધારે ગૂંફન વાળો જટા મુકુટ વગેરે વધુ સ્પષ્ટ રીતે ધર્શાયવવામાં આવ્યા છે. જે સાતમી સદીના ઉત્તરાર્ધના સમયની શિવકળાનો ખ્યાલ આપે છે. વડાવળમાંથી મળેલા આ માતૃકાશિલ્પ સમૂહ સંપૂર્ણ વિકસિત સંસ્કૃતિનો આછો ખ્યાલ આપે છે.

**સિદ્ધામ્બિકા મંદિર**

સિદ્ધામ્બિકા માતાનું મંદિર જે ગામમાં આવ્યું છે, તે ગામ પહેલાં 'દેવીગામ' તરીકે ઓળખાતું, પાછળથી જૂનાડીસા ગામ કહેવાયું. આજે જે માતાજી જૂના ડીસામાં સિદ્ધામ્બિકા માતા તરીકે બિરાજે છે. તે પહેલા વડાવાળમાં હતાં, તેવું લોકમુખે સાંભળવા મળે છે. તેઓનું સ્થળાંતર કેમ થયું? તે હજું સુધી જાણવા મળતું નથી. સિદ્ધામ્બિકા માતા તે દિશાવાળ વણિકોની કુળદેવી છે. આ મંદિર ૭૦૦ થી ૮૦૦ વર્ષ જૂનું છે. કચ્છ, ખંભાત બંદરોને રાજસ્થાન સાથે જોડતો ધોરી માર્ગ અહીંથી પસાર થતો તેથી આ સ્થળનો સારો વિકાસ થયો હતો.

આ મંદિરનો ઇતિહાસ જોવા જઈએ તો, ભારતમાં જ્યારે અલાઉદ્દીનખીલજીએ આક્રમણ કર્યું, ત્યારે હિંદુઓના મુખ્ય દેવ શંકરના શિવાલયો ભારતભરમાં મોજુદ હતા અને તે સમયે અઢળક સમૃદ્ધ હતા. તેણે ધન મેળવવાની લાલચે અલાઉદ્દીન ખીલજી ગામડાઓ ખૂંદતો ડીસા નજીકના રણમાં આવી ગયો હતો અને કચ્છના નાના રણાપ્રદેશના માર્ગે પ્રવેશી રસ્તામાં તે સમયનું દૈવીગામજ હાલનું જૂનાડીસાનું શિવમંદિર તોડવા પ્રયત્ન કર્યો હતો. પરંતુ શિવમંદિર ખૂબ નાનું હોવાથી તેની નજરે ચડ્યું નહીં. તે સમયના સોલંકી રાજાઓ શિવના પૂજક હતા.

આપણા પુરાણોમાં શક્તિને શિવના અર્ધાંગિની કહેવામાં આવે છે. એટલે કે જયાં શિવ ત્યાં શક્તિ, આથી આ શિવજી મંદિર હતું, ત્યાં સિદ્ધેશ્વરી પણ બિરાજમાન હશે અને તેથી ખૂબ નાના શિવ મંદિરોનો બચાવ થયો. પહેલાં ચોર લૂંટારાઓથી બચાવવા ધન જમીનમાં દાટવામાં આવતું અને તે ધન આ મંદિરના નીચે હતું અને જ્યારે અલાઉદ્દીનકલક ખીલજી આ ધન ખોદવા ગયો હતો, ત્યારે

સિદ્ધામ્બિકા માતા તેના પર કોપાયમાન થયા હતા અને ત્યાંથી અલાઉદ્દીન ખીલજી ભાગી જાય છે. આમ ધનનું રક્ષણ થયું હતું.

તે સમયે વૈશ્યો બ્રામણોના ત્રાસથી ડીસા છોડી ચાલ્યા ગયેલ. આથી ત્યાંના સ્થાનિક મુસ્લિમોએ મંદિરની કટારી સાચવી. તેઓ આક્રમણકારોથી તેનું રક્ષણ કરી સકવા સક્ષમ હતા નહી. આમ તેમણે માતાજીની કટારી તેમના પૂર્વજોને પરત કરી. તે વખતાનો સમાજ રૂઢિચુસ્ત હતો અને આ કટારી મુસલમાન હસ્તક હતી, તે સોંપી માતાજીની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી. તે સમયે ઐતિહાસિક વડનગરના વિશ્વકર્માના સંતાનો, સલાટો અને શિલાકારોને બોલાવી પુરાતત્વની દ્રષ્ટિએ સુંદર કલાકૃતિ જેવું સોલંકી શૈલીનું મંદિર બંધાવી તેમાં સિદ્ધામ્બિકા માતાની મૂર્તિ પધરાવી પ્રાણ પ્રતિષ્ઠા કરી. આ મંદિરમાં ઘંટ આવેલ છે. તેના ઉપર બોડીયા અક્ષરોમાં લખાણ લખેલ છે. આજે આ મંદિરની અનેક પેટા શાખાઓ છે. મંદિરના પટાંગણમાં એક ધર્મશાળા ચલાવવામાં આવેલ છે. ભોજનાલય પણ ચલાવવામાં આવે છે. ભાવિકો દૂર -દૂરથી દર્શનાર્થે ઉમટી પડે છે.

**હરિમંજિલ (સિવિલ હોસ્પિટલ)**

ડીસા જ્યારે પાલનપુર એજન્સી નીચે હતું. ત્યારે પાલનપુરમાં નવાબ સાહેબ રાજ્ય કરતા હતા. તે વખતે નવાબ સાહેબના મિત્ર કાશ્મીરના રાજા હરિસિંહને શિકારનો બહુ શોખ હતો. તેઓ જ્યારે પણ પાલનપુર આવતા ત્યારે ડીસામાં આજે જ્યાં સિવિલ હોસ્પિટલ છે, ત્યાં મોટું જંગલ હતું અને જંગલમાં એક તળાવ હતું. આ તળાવના કિનારે પ્રાણીઓ પાણી પીવા આવતા તેથી હરિસિંહને આ જગ્યાએ શિકાર કરવો બહુ ગમતો અને તે નવાબ સાથે અહીં અવારનવાર શિકાર કરવા આવતા. થોડા સમય પછી ત્યાં વસાહત સ્થપાઈ અને નવાબને લાગ્યું કે ગરીબ લોકો માટે કઈ કરવું જોઈએ. તેમણે ગરીબ લોકોના દુઃખો જોયા અને તેમને પીડામાં સબડતા જોયા તેમનું હૃદય દ્રવી ઉઠ્યું તેમણે નક્કી કર્યું કે અહીં જયાં હરિસિંહ શિકાર કરવા આવતા એ જગ્યાએ એક હોસ્પિટલ બનાવવાનું વિચાર્યું અને હરિસિંહને કાશ્મીરથી બોલાવ્યા . તેમના હાથે આલિશાન ઈમારતનો પાયો નંખાયો. તેથી આ હોસ્પિટલનું નામ 'હરિ મંજિલ ' પડ્યું. તેના નીચેના ભાગમાં સુંદર તળાવ હતું.

આ હોસ્પિટલમાં ૨૫ માણસોની એક વધારાની હંગામી સંરક્ષક ટુકડી રાખવા માટે ઇ.સ.૧૯૩૯-૪૦ દરમિયાન મંજુરી આપવામાં આવી હતી. તેમાં ૨૧ વ્યક્તિઓની ભરતી થઈ હતી. જ્યારે ઇ.સ.૧૯૪૦માં ૧૦૦ માણસોની હંગામી લશ્કરી તાલીમ પામેલા દળની નિમણૂંક કરવા માટે મંજૂરી આપવામાં આવી હતી. પરંતું ૬૦ માણસોની ભરતી થઈ શકી હતી.

આજે આ હરિમંજિલ સરકારી દવાખાનાના નામથી ઓળખાય છે. સિવિલ હોસ્પિટલ આજુબાજુના ગામના ગરીબ દર્દીઓની સેવા આપી રહી છે. તેમાં સરકારની યોજનાઓ દ્વારા ગરીબ વર્ગના દર્દીઓને મફત સેવાઓ આપવામાં આવે છે.

**રિસાલેશ્વર મંદિર**

અંગ્રેજોએ ડીસામાં છાવણી નાખી તે વખતે હીન્દુ , ખ્રિસ્તી અને મુસ્લિમ સૈનિકોએ તેમના આસ્થાના પ્રતીકરૂપ અનેક દેવસ્થાનો બંધાવ્યા અને તેમાં રિસાલા બજારમાં હિન્દુ સૈનિકોએ શિવમંદિર બંધાવ્યું. જે રિસાલેશ્વર શિવમંદિર તરીકે ઓળખાય છે.

ડીસા શહેરના મધ્યમાં આવેલું રિસાલેશ્વર મહાદેવના મંદિરનો એન.આર પરિવાર દ્વારા જીર્ણોદ્ધાર કરવામાં આવી રહ્યો છે. જયાં વર્ષો જૂના મંદિરના સ્થાને નવું આરસપહાણના મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે.

**સોનેશ્વર મહાદેવ**

બનાસ નદી કિનારે સુંદર રમણીય વિસ્તારમાં સોનેશ્વર મહાદેવ બિરાજમાન છે. આ શિવલિંગ લંબુચ બાવા દ્વારા આખોલ ગામથી મહાદેવીયા ગામમાં લાવવામાં આવ્યું અને ત્યાં તેની સ્થાપના કરવામાં આવી. આ શિવલિંગની સ્થાપના ૬૫૦ વર્ષે પહેલાં થયાનું માનવામાં આવે છે. ત્યારબાદ અનેક નાગાબાવાઓ કાશીથી અહીં આવતા અને તેઓ અહીં પૂજા, અર્ચના કરતાં અને આ નાગાબાવાઓ દ્વારા મહાદેવના સાનિધ્યમાં પુરાણોનું વાંચન કરવામાં આવતું હતું.

આ પુરાણો વાંચન ડીસાના મથુર મહારાજ કરતા. આ પુરણોમાં સ્કંદ મહાપુરાણ, શ્રીમદભાગવત, વામનપુરણ, શ્રીમાર્કન્ડય પુરાણનું વાંચન કરવામાં આવતું આ પુરાણોનું વાંચન કરી તેને કાશી લઈ જવામાં આવતું. પુરણાનું વાંચન કરી જયાં અધૂરું રહે ત્યાં પીપળાનું પાન વચ્ચે મૂકવા

માં આવતું, જે કાશી લઈ ગયા પછી એ પાન સોનાનું બની જતું એવી લોકવાયકા છે. જેના ઉપરથી સોનેશ્વર મહાદેવ નામ પડયું. આ મંદિરની બાજુમાં હાલમાં દત્તાત્રેય ભગવાન, મહાકાળી, હનુમાનજીનું મંદિર બનાવવામાં આવેલ છે.

અહીં દર વરસે શ્રાવણ માસના અમાવસ તેમજ શિવરાત્રીએ હવન કરવામાં આવે છે. જેમાં મોટી સંખ્યામાં ભક્તો હાજર રહે છે. જેમને ભગવાનની પ્રસાદીના રૂપમાં ભોજન આપવામાં આવે છે. શિવરાત્રીના દિવસે બહુ મોટો મેળો ભરાય છે. હાલમાં આ મંદિરમાં સૂરજ પૂરી મહારાજ પુજારી તરીકે સેવા આપી રહયા છે.

**પાંડવ વાવ**

આ ભીલડી જુના કાળમાં ભીમપલ્લી તરીકે ઓળખવામાં આવતું હતું. આ ગામમાં તે સમયે પાંડવો ગુપ્તવાસ દરમિયાન આવ્યા હશે તેવું માનવામાં આવે છે. આરસના પથ્થરો વડે બંધાવેલ આ વાવ હાલ ભીલડી ગામના પાદરમાં પૂર્વ દિશામાં આવેલી છે. આ વાવ પાંડવોએ પીવાના પાણી માટે બંધાવી હોવાનું જાણવા મળે છે. સીસાના રસથી મજબૂત કરેલા આરસ પહાણોથી વાવનું બાંધકામ ચણતર કરેલ છે. તેથી તે ઘણીજ મજબૂત છે. ગામ લોકોનું કહેવું છે, કે આ વાવની અંદર એક લેખ લખ્યો છે. તેમાં પાંડવોનો ઉલ્લેખ કરેલ છે. આ વાવ એક વખત અતિ ધનાઢ્ય નાગરિકોને પણ પાણી પૂરું પાડતી હતી.

તે વખતે આ સ્થળે જ્યાં-ત્યાં વૃક્ષ -વેલડીઓની ઝાડી જામી ગઈ હતી. જંગલી જાનવરો આવાસ શરૂ થઈ ગયો હતો. ધરાનાલ ગામ કે જે ભીલડીથી નજીકમાં આવેલ છે. ત્યાં પુજારી આવતા અને એક વખતમાં દીવો પૂજા કરી સાવચેતીથી પાછા ચાલ્યો જતા. આમ કેટલાક વર્ષો સુધી ચાલ્યા કર્યું. છેવટે અહીં ગામ વસ્યું ઝાડી ઓછી થઈ. જંગલી પશુઓ દૂર નાશી ગયા. વાવનો કાંઠો સમરાવ્યો પરંતુ આજે આ કાંઠો તૂટેલી હાલતમાં છે.

**દરબારગઢ સ્કૂલ**

જૂનાડીસાની વચ્ચે આવેલ આ સ્કૂલ તેની સ્થાપના ૧ સપ્ટેમ્બર ૧૮૭૦ માં પાલનપુરના નવાબ મોહબતખાન દ્વારા કરવામાં આવી હતી.

આ જગ્યાએ પહેલાં સ્કૂલ હતી નહીં. પરંતુ આ જગ્યાએ એક મોટો રજવાડી કોટ હતો .તેના પર બેસવાની અને દરબાર ભરવાની વ્યવસ્થા હતી. આ જગ્યાએ પાલનપુરના નવાબ મહોબતખાન અઠવાડિયામાં એક દિવસ આવતા અને લોકોની ફરિયાદો સાંભળતા હાલમાં જયાં સ્કૂલનો મુખ્ય દરવાજો છે, ત્યાં બેસી અને લોકોની ફરિયાદનું નિવારણ લાવતા હતા અને આમ લોકોની ફરિયાદો સાંભળતા એજ જગ્યાએ તેમને લાગ્યું કે પ્રજાની અજ્ઞાનતા દૂર કરવા માટે એમણે શિક્ષણ આપવું જોઈએ. તે માટે તેમણે એજ જગ્યા પર પ્રાથમિક સ્કૂલની શરૂઆત કરી, શરૂઆતમાં ૨ ધોરણથી આ સ્કૂલ શરૂ કરી હતી. આજે નવી સ્કૂલનું બાંધકામ કરવામાં આવ્યું છે. જૂના ઓરડા પાડી દઈને તે જગ્યાએ નવું મકાન બાંધવામાં આવ્યું છે. આજે પણ એ જગ્યાએ જે કોટ હતો તે જોવા મળે છે. સ્કૂલમાં આજે ધો.૮ સુધીનો અભ્યાસ ચલાવવામાં આવે છે. આમ,આ જગ્યાએ દરબાર ભરાતો તેથી સ્કૂલ નું નામ ‘દરબારગઢ સ્કૂલ ’ રાખવામાં આવ્યું હતું.

**ગોપાલપુરી રાજપુર મઠ**

બનાસની બહોળી ધરતીમાં અનેક ઠેકાણે વીર સંત અને શૂરાઓ ચિરનિદ્રામાં પોઢેલા છે. એવાજ એક શૂરા સંત યોગીરાજ ગોપાલપુરી મહારાજ ડીસા તાલુકાના રાજપુર ગામે મઠની સ્થાપના કરીને ધર્મની ધજા ફરકાવતા હતા. તે દિવસોમાં બનાસની ધરતીપર પાલનપુરના નવાબ બહાદુરખાનજીનું રાજ્ય હતું. યોગીરાજ ગોપાલપુરી મહારાજ રાજપુર મુકામે મઠમાં ત્રણસો સાધુઓ સાથે સમાજસેવાનું કામ કરતા હતાં. નવાબ અને ગોપાલપુરી મહારાજનો સંબંધ ગુરુ- શિષ્ય જેવો હતો. નવાબ ગુરૂ મહારાજને વાર- તહેવારે પાલનુપર ગઢીમાં આવવાનું ખાસ આમંત્રણ પણ આપતા. નવાબ પોતે ગઢની બહાર આવીને સન્માનભેર ગુરુજીનું સ્વાગત કરતા. એકવાર પાલનપુર ઉપર સિરોહી રાજ્યની સેનાને પાલનપુરની સેના પહોંચી વળે તેમ ન હતી. સિરોહી રાજ્યની સેના પાલનપુર નજીક પહોંચવા થઈ, આવા કપરા સમયે પાલનપુર નવાબે શ્રી ગોપાલપુરી મહારાજ ને મદદ આપવા સારું વિનંતી કરી. નવાબનો વિનંતી પત્ર લઈને ખેપીયો મારતા ઘોડા રાજપુર મઠમાં આવી પહોંચ્યા, તેણે ગુરૂજીને પત્ર આપ્યો તેમજ મદદ વિશે વાત કરી.

યુદ્ધમાં મદદ કરવાની વાત સાંભળીને એક સાધુ બોલ્યો "આપણે કી કામ હૈ, લડાઇરા કામ રાજા રજવાડા ને કારવાદો બાપુ"

બીજો સાધુ બોલ્યો "નવાબ મુસલમોંન ને આપણે હેદુ એસા ડખા મેં કોણ વાસ્તે પેડાણો?" સાધુ ચેલાઓની વાત સાંભળીને મહારાજ ગોપાલપુરીએ સિંહગર્જના કરી "હિંદુ મુસલમાન ધરમ કરતાં મા ભોમનું રક્ષણ કરવું એ મોટો ધરમ હૈ, રાષ્ટ્ર ધરમસે સઘળા ધરમ હેઠા હૈ" સધુઓમાં વીરરસ ભરીને ગોપાલપુરીએ ત્રણસો સાધુઓ સાથે માં ભોમ પર આવી પડેલી આફત ને દૂર કરવા પાલનપુર તરફ પ્રયાણ કર્યું.

આ બાજુ સિરોહીના ચૌહાણ લશ્કરે પાલનપુર પર ચડાઈ કરી, ગણતરીની ક્ષણોમાંજ પાલનપુરની હાર થાય તેવી સ્થિતિનું નિર્માણ થયું. એવા અણીના સમયે મહારાજ ગોપાલપુરી ત્રણસો સાધુઓ સાથે પાલનપુરની મદદે આવી પહોંચ્યા. તેઓ સિરોહી લશ્કર ઉપર ભારે આક્રમણ કર્યું. હર હર શંભુના નાદથી આકાશ ગૂંજી ઉઠ્યું જોત જોતામાં તો આ સાધુઓએ સિરોહી સેનામાં ભગદડ મચાવી દીધી. સિરોહિની સેનાને પાલનપુર ગઢ ઉપરથી પીછેહઠ કરવી પડી.

સિરોહિની સેનાની ઉપર હારનાં વાદળ છવાયા હવે તે સેના તેનો સ્વ-બચાવ કરતી પાલનપુર છોડીને ભાગવા માંડી નવાબ શમશેરખાન અને મહારાજ ગોપાલપુરી સ્વયંમ આ યુદ્ધમાં લડતા હતા. યુદ્ધના અંતે પાલનપુરની જીત થઈ. આ વિજયમાં યોગી ગોપાલપુરી અને સાધુઓની મર્દાનગીની કદર રૂપે પાલનપુર નવાબે રાજપુર મઠને ગામોની જાગીરી આપી. રાજપુર મઠે આ જાગીરી સને ૧૯૭૧-૭૨ સુધી ભોગવી.

નવાબ સાહેબશ્રી પૂ. સિદ્ધગોપાલપુરી બાપુને ગુરુ તરીકે માનતા હતા અને તેથી તેમણે રાજપુર મઠને (૧) રાજપુરગામ (૨) ભોંયણ ગામ (૩) ગોપાલપુરા ગામો અર્પણ કરેલ.

દિવાન સાહેબશ્રી શમશેરખાનજીને પૂ. ગોપાલપુરી બાપુને (૧) નવાસર ગામ (૨) રૂપપુર ગામ અર્પણ કરેલ. શ્રી ગાયકવાડ સરકારશ્રી સયાજીરાવ મહારાજે (૧) કાતરા ગામ રાજપુર મઠને અને (૨) આગઠેલ ગામ ઠાકોર સાહેબને અર્પણ કરેલ.

રાજપુર મઠ શક્તિશાળી જાગીરી હતી અને મઠનાં ૫૨ ગામ હતા. પૂ.ગોપાલપુરી બાપુને પૂ. ઓગડનાથજી મહારાજનો મિલાપ થયેલો અને ત્યારથી તેમને સિદ્ધ ગોપાલપુરી અને પીરની પદવી મળેલી. હાલમાં પૂ. ગોપાલપુરી બાપુના આશીર્વાદથી શ્રી ગણેશપુરી બાપુ રાજપુર મઠ જાગીરની પરંપરા જાળવી રહ્યા છે. આજેપણ રાજપુર મઠમાં શ્રી ગોપાલપુરી મહારાજની સમાધિ છે. સન્યાસી સંતો તપસ્વીથી લઈ યુદ્ધમાં લડ્યા હતા. સામંતશાહી સામે લડી નાગા સંતોએ આ મઠ પોતાના અધિકારીમાં લીધો હતો.તે સમયે સામંતો માટે કોઈ કાનૂન નહતો .તેથી સામંતશાહી વ્યવસ્થા આ પ્રકારની હતી. નતો સામંતોને પ્રજાની ચિંતા ન પ્રજાની પ્રસન્નતા વિશે તેમની સુખાકારી વિશે વિચારતા, આ ઐતિહાસિક મઠના ૧૬મા મહંત શ્રી ચંદનપુરીજી મહારાજનો જન્મ રાજસ્થાનના બાડમેર જિલ્લાના સનાતન ધર્મના ગોસાઈ પરિવારમાં થયો હતો. તેઓ ૧૫માં ઉત્તમપુરીજીના શિષ્ય બન્યા. ૨૬ વર્ષ તેઓએ ગૃહત્યાગ કર્યો હતો. તેઓએ સામંત શાહી સામે બાથ ભીડી હતી.

હાલમાં આ મઠ પાસે થોડી જમીન રહી છે. તેનાથી મઠનો ખર્ચ ચલાવવામાં આવે છે. મઠમાં શિવ અને વિષ્ણુનું મંદિર આવેલું છે. અને સંતોનું આવનજાવન હંમેશા રહે છે. હાલમાં આ મઠની સેવા મહંત શ્રી ગણેશપુરીજી સાંભળી રહ્યા છે.

અહીં હિન્દુ ધર્મની આસ્થા રૂપ, મંદિર ,મઠ, સમાધિસ્થળની માહિતી આપી છે. તેની સાથે અનેક દંતકથાઓ સંકળાયેલી છે. ડીસા તાલુકામાં અનેક એવા હિન્દુ સ્થાપત્યો જે કાળ અને કળાની દ્રષ્ટિ એ અતિ પ્રાચીન છે. તેમાંનું એક વડાવળ ગામમાં આવેલ સપ્તમાતૃકાઓનું મંદિર જેના શિલ્પો ગુપ્ત કાળના હોવાનું કહેવાય છે. આમ આ સ્થળો તેની ઐતિહાસિકતાની દ્રષ્ટિએ ઉત્તમ છે. તે સમયે શાસકોએ બંધાવેલ કૂવાઓ ,વાવો પણ આજે તે સમયની સાક્ષી પૂરતી ઊભી છે. તેમાંના એક વાવ પાંડવો ગુપ્તવાસ દરમિયાન ડીસાની ભૂમિ પર આવેલ હશે તેવો ઇતિહાસ મળે છે. ડીસામા આવેલ હિન્દુ સ્થળો ઐતિહાસિક દ્રષ્ટિએ ખુબજ મહત્વના છે.

## -::સંદર્ભસૂચિ::-

1. પંચાલ મફતલાલ વી. "પ્રાચીન વડાવળની આછી ઝાખી ", ઇ.સ. ૨૦૦૨ ,પૃ.૪૪૬

2. પટેલ દિપક "પાલનપુર રાજ્યનો ઇતિહાસ", અમદાવાદ, ઇ.સ.૨૦૧૩, પૃ.૨૮૫

3. રખેવાળ ન્યુઝ પેપર-બુધવાર, ૧૮ જાન્યુ.-૨૦૧૭

4. જે.બી. જોશી અને અન્યો,"કસુંબલ ધારા બનાસ", પાલનપુર ઇ.સ.૨૦૧૬-૧૭, પૃ.૭૧

5. આચાર્ય કનુભાઈ "બનાસ દર્શન", ડીસા ઇ.સ.૨૦૦૨, પૃ.૭૧

6. Gazetteer of Banaskantha District, Ahmedabad, A.D.1981,P.752

- રૂબરૂ મુલાકાતો

- ઠાકોર કરશનભાઈ, ગામ -મોટી આખોલ
- મહંત શ્રી ગણેશપુરી જી (હાલમાં મહંત), ગામ -રાજપુર
- વસંતભાઈ પ્રજાપતિ (પુજારી), ગામ- વડાવળ